**પાત્રતા માટેના માપદંડ**

ઈન્ડિયા ફાઉન્ડેશન ફોર ધ આર્ટ્સ (IFA) તેના વિવિધ કાર્યક્રમો હેઠળ પરિયોજના (પ્રોજેક્ટ) અમલમાં મૂકે છે. આ કાર્યક્રમો હેઠળ અરજી કરવાની પાત્રતા માટેના માપદંડ નીચે મુજબ છે:

- માત્ર ભારતીય નાગરિકો જ અરજી કરી શકે છે. આમાં PIO (ભારતીય મૂળના વ્યક્તિઓ) અને OCI (ભારતીય વિદેશી નાગરિકો) કાર્ડ ધારકોનો સમાવેશ થતો નથી.
- અરજદારો પાસે PAN કાર્ડ તેમજ ઓળખ અને નાગરિકતાના પુરાવા માટે ભારતીય પાસપોર્ટ અથવા આધાર કાર્ડ અથવા ભારતીય મતદાર ID માંથી એક હોવું આવશ્યક છે.
- ફક્ત વ્યક્તિઓ જ અરજી કરી શકે છે. કોઈપણ પ્રકારની સંસ્થાઓ અરજી કરી શકતી નથી (સિવાય બિન-નફાકારક શાળાઓ, જેઓ માત્ર આર્ટસ એજ્યુકેશન કાર્યક્રમની નેશનલ સ્કૂલ પ્રોજેક્ટ્સ શ્રેણી હેઠળ અરજી કરી શકે છે).
- જો પરિયોજનામાં સહયોગીઓ હોય, તો તેઓ પણ ભારતીય નાગરિક હોવા જ જોઈએ.
- IFA સાથે નાણાકીય અપરાધનો ભૂતકાળ ધરાવતી વ્યક્તિઓ પાત્ર નથી.
- અગાઉ IFA અનુદાનમાંથી સંમત ડિલિવરેબલ્સ IFA ખાતે જમા કરાવવામાં નિષ્ફળ ગયેલ વ્યક્તિઓ અરજી કરવા માટે પાત્ર નથી.
- અગાઉ IFA તરફથી તેમને કોઈપણ કારણોસર ભવિષ્યમાં અરજી કરવાની મનાઈ ફરમાવતો પત્ર પ્રાપ્ત કર્યો હોય તેવા વ્યક્તિઓ અરજી કરવા માટે પાત્ર નથી.
- IFA દ્વારા અમલમાં મુકાયેલ પરિયોજના (પ્રોજેક્ટ) પર હાલમાં કામ કરતી વ્યક્તિઓ અરજી કરવા માટે પાત્ર નથી.
- જો અરજદારો સંયુક્ત ખાતુ ધરાવતા હોય, તો એક કરતા વધુ વ્યક્તિઓ અરજી કરી શકે છે. જો તેઓ સંયુક્ત ખાતુ ધરાવતા નથી, તો તેમાંથી માત્ર એક જ વ્યક્તિએ અન્યોને સહયોગી તરીકે રાખી અરજી કરવી જોઈએ.